જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૯૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી ૪૪૦ લીટર દેશી દારૂ, ૪૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૯૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૨૧૯૮/૧૫**

**શાહીબાગઃ** મેહુલભાઇ પ્રવિણભાઇ પટેલ (રહે. દેવપ્રીત સોસાયટી ગવર્નર એન્જીનીયરીંગ કોલેજ સંગાથ મોલની બાજુમાં મોટેરા સાબરમતી) એ તા.૨૭/૧૦/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૪/૪/૧૫ થી આજદીન સુધીના સ્મયગાળા દરમ્યાન આરોપી (૧) જયેશભાઇ જશવંતભાઇ પટેલ અને (૨) ઇન્દુબહેન જશવંતભાઇ પટેલ (બન્ને રહે. ઉતર ગુજરાત સોસાયટી શાહીબાગ) એ મકાન વેચાણ ખાતે આપવાનુ નક્કી કરી મેહુલભાઈ પાસેથી બહાના પેટે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- લઈ મકાન દસ્તાવેજ નહી કરી આપી મકાન મેહુલભાઈની જાણ બહાર બારોબાર વેચાણ કરી મેહુલભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એ પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૯/૧૫**

**સોલા હાઈકોર્ટઃ (૧)** અનીષાબહેન સુભાષચંદ્ર ગંભીર (રહે.શ્રી રામ નિવાસ ગોગા મહારાજ મંદિર પાસે થલતેજ) એ તા.૨૭/૧૦/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૫ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ખુલ્લા મકાનમાંથી લેપટોપ નંગ-૨, મોબાઈલ ફોન, રોકડ રૂપિયા ૧૧૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૧૦૦/- મતા અને જરૂરી કાગળોની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રભાઈ રામાભાઈ ચલાવે છે.

**(૨)** હર્ષ અનિલ જૈન (રહે.મલ્હાર ફ્લેટ મલ્હાર હોટલની બાજુમાં ભમ્મરીયાના છાપરાં પાસે સોલા) એ તા.૨૭/૧૦/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૧૫ સવારના ૮/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી લેપટોપ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતા અને જરૂરી ડોક્યુમેન્ટની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વસ્ત્રાપુરઃ** શીતલબેન અજીતકુમાર ક્રિષ્ણકાંત શાહ (રહે.રામેશ્વર એપાર્ટમેન્ટ દેવાશીશ કોમ્પ્લેક્ષ પાસે બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૧૫ રાતના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની વેગન આર કાર નંબર જીજે ૨૩ એએફ ૦૫૮૨ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- અને ગાડીમાં રાખેલ રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે કે રાઠોડ ચલાવે છે.

<u>**વાહન ચોરીઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૦૦/૧૫**</u>

**આનંદનગરઃ** ભીખાજી દીનાજી વણજારા (રહે. હીલપાર્ક સોસાયટી ચંદ્રમૌલી સ્કૂલ સામે આનંદનગર) એ તા.૨૩/૧૦/૧૫ રાતના ૮/૩૦ વાગે આનંદનગર અભીલાષા ફ્લેટ સામે પોતાની આઈવા કંપનીની ટ્રક નંબર જીજે ૧ ડીવાય ૫૨૦૫ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૧૦/૧૫ કલાક ૪/૪૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભીખાજી વણજારાએ તા.૨૭/૧૦/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૦૧/૧૫**</u>

**ઈસનપુરઃ** ભાસ્કરભાઈ ભગુભાઈ સુતરીયા (રહે.ન્યુ યોગેશ્વર સોસાયટી પારસ પ્રભુની અંદર વિશાલનગરની સામે ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ભાસ્કરભાઈના માતા પુષ્પાબહેન (ઉ.વ.૮૨) ઈસનપુર રાજબાઈ ટીમ્બર માર્ટની બાજુમાં અશોક ટ્રેડીંગના ઝાંપા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ટાટા ૪૦૭ ગાડી નંબર જીજે ૬ એક્સ.એક્સ. ૬૪૫૭ ના ચાલકે ગાડી બેદરકારીથી રિવર્સમાં ચલાવી પુષ્પાબહેનને ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ ડી પંચાલ ચલાવે છે.

<u>**આત્મહત્યા :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૦૨/૧૫**</u>

**બાપુનગરઃ** રમેશભાઈ કાંતીભાઈ પટણી (ઉ.વ.૪૫)(રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ ભક્તિનગર સોસાયટી બાપુનગર) એ કોઈ કારણસર તા.૨૪/૧૦/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગુલાબસિહ રૂપસિહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** હસમુખભાઈ નાથાભાઈ ગોહીલ (ઉ.વ.૪૮) (રહે.એ જી ક્વાર્ટર મેઘાણીનગર) એ બીમારીથી કંટાળી તા.૨૭/૧૦/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સાગરભાઈ હરીભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)